# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-08-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગરથી રાજ્યના 32 નવનિર્મિત સિટી સિવિક સેન્ટરનું ઇ-લોકાર્પણ કર્યું.
- સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીએ રાજ્યમાં નવા ત્રણ સફારી પાર્કને મંજુરી આપી
- રાજ્યમાં અનધિકૃત રીતે નાણાં ધીરનાર કુલ 565 આરોપી સામે 323 ગુના દાખલ કરાયા.
- અંગપ્રત્યાર્પણ મામલે રાજ્યને વિવિધ શ્રેણીમાં કુલ 6 પુરસ્કાર એનાયત.
- રાજ્યમાં અત્યાર સુધી 15 હજાર 820 માતાના દૂધનું દાન કરી 12 હજાર 403 બાળકોની પરોક્ષ માતા બની.
- દક્ષિણ ગુજરાતમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM CITI CIVIC CENTRES E LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગરના બાલાસિનોર ખાતેથી રાજ્યવ્યાપી 45.47 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત 32 સિટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરાવ્યું હતું. નાગરિકોને એક જ સ્થળેથી તમામ સેવા ઉપલબ્ધ થશે.

આ 32 સિટી સિવિક સેન્ટરના લોકાર્પણના આ દ્વિતીય તબક્કામાં બાલાસિનોર, પાટડી, કપડવંજ, બોટાદ સહિતની નગરપાલિકાનો સમાવેશ થાય છે.

આ સિટી સિવિક સેન્ટરમાં મિલકત વેરા, હૉલ બુકિંગ, વેરા આકારણી અરજી, લગ્ન અને વ્યવસાય વેરાની નોંધણી જન્મ-મરણના દાખલા, ગુમાસ્તાધારા પરવાના અને અન્ય ફરિયાદોની અરજીને લગતી કામગીરી કરવામાં આવે છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ નગરપાલિકા ખાતે રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં 'વન સ્ટોપ સેન્ટર' સિટી સિવિક સેન્ટરને ખૂલ્લું મુકાયું હતું. હાલોલ ખાતે શરૂ થનારા આ નાગરિક સુવિધા કેન્દ્રથી શહેરના 80 હજારથી વધુ લોકોને સીધો લાભ મળશે.

------------------

## CM MAHISAGAR VISIT

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહીસાગર અને ખેડા જિલ્લાના 581 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન ઉદવહન સિંચાઈ-લિફ્ટ ઇરિગેશન પાઈપલાઈન પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું.

આ ઉદવહન સિંચાઈ યોજના થકી ખેડાના કપડવંજ, કઠલાલ, ગળતેશ્વર અને ઠાસરા તથા મહીસાગરમાં બાલાસિનોર તાલુકાના મળીને 125 ગામને સિંચાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ તમામ ગામના 133 તળાવ તથા એક નદીમાં મહી નદીનું પાણી પહોંચાડીને 8 હજાર 100 હેક્ટર વિસ્તારમાં સિંચાઈ સુવિધા પૂરી પાડવાનો આ યોજનાનો હેતુ છે.

-----------------

## SAFARI PARK

રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ આપવા માટે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ સફારી પાર્કને મંજૂરી આપી છે.. કચ્છના કોટેશ્વર, ઊના પાસે નલીયા માંડવી તથા કેવડીયા ખાતે સફારી પાર્કને મંજૂરી મળી છે. સર્વોચ્ચ અદાલતની મંજૂરી બાદ ત્રણેય સફારી પાર્કની કામગીરી શરૂ થશે

અંબાજી, વાંસદા તથા બરડામાં સફારી પાર્ક બનાવવાની કવાયત હાથ ધરાઇ છે. ગાંધીનગર IIT પાસે પણ સફારી પાર્કને મંજૂરી માટે કામ શરૂ થયું છે. આ ઉપરાંત કચ્છમાં ચિત્તાના બ્રિડીંગ સેંટરનું કામ આ સપ્ટેમ્બર સુધી પૂર્ણ થશે.. રાજ્યમાં આવતા વર્ષે સિંહોની વસ્તી ગણતરી થશે.. આ કામગીરીમાં સામાજીક સંસ્થાઓ તથા સ્વયંસેવકો જોડાશે. છેલ્લે વર્ષ ૨૦૨૦માં થયેલી સિંહોની

ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૬૭૪ સિંહોની સંખ્યા નોંધાઇ હતી તેમ પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફિસર નિત્યાનંદ શ્રીવાસ્તવે જણાવ્યું હતું..

(બાઈટ - નીત્યાનંદ શ્રીવાસ્તવ, પ્રિન્સિપલ ચીફ કન્ઝરવેટર ઓફિસર)

-----------------------

## POLICE SPECIAL DRIVE

રાજ્યમાં અનધિકૃત રીતે નાણાં ધીરનાર કુલ 565 આરોપી સામે 323 ગુના દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે 343 આરોપીની અટકાયત કરવામાં આવી છે.

રાજ્યભરમાં પોલીસે અનધિકૃત રીતે નાણાં ધીરનાર સામે 31 જુલાઈ સુધી વિશેષ ઝૂંબેશ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે યોજેલા 1 હજાર 648 લોકદરબારમાં 76 હજાર નાગરિકો જોડાયા હતા. પોલીસની આ કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બચ્યાં તેમ જ અનેક લોકોને પોતાની ફસાયેલી મૂડી પરત મળી છે.

------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત

પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## NOTTO AWARD

દિલ્હીમાં આંબેડકર હોલ ખાતે યોજાયેલા ભારત સરકારનાં એવોર્ડ સમારોહમાં ગુજરાત રાજ્યને વિવિધ શ્રેણીમાં કુલ 6 એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલને બેસ્ટ ઓર્ગન રીટ્રાઇવલ હોસ્પિટલ, સુરત સિવિલ હોસ્પિટલ ને બેસ્ટ બ્રેઇન સ્ટેમ ડેથ કમિટી તેમજ બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ કોર્ડીનેટર અને કિડની હોસ્પિટલનાં ડાયરેક્ટર ડો.પ્રાંજલ મોદીને ટ્રાન્સપ્લાન્ટમાં અનુકરણીય કામગીરી માટેનો લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ તથા કીડની હોસ્પિટલના જ ડો.વિવેક કુટેને દેશનાં અંગપ્રત્યાર્પણ કાર્યક્રમને વિશ્વ પટલ ઉપર પ્રસિદ્ધિ અપાવવા બદલ વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

--------------

## WORLD BREASTFEEDING WEEK

રાજ્યમાં અત્યાર સુધી 15 હજાર 820 માતાઓ પોતાના દૂધનું દાન કરી 12 હજાર 403 બાળકોની પરોક્ષ માતા બની છે. ગાંધીનગરની “હ્યુમન મિલ્ક બેન્ક”માં 415 માતાએ 449 બાળકોને નવજીવન આપ્યું છે. હવે આગામી સમયમાં

અમદાવાદ, ભાવનગર, જામનગર અને રાજકોટમાં હ્યુમન મિલ્ક બેન્ક શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં સાતમી ઑગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાશે, જેનો ઉદ્દેશ્ય બાળકના જન્મના પ્રથમ કલાકથી જ સ્તનપાનનો પ્રારંભ, 6 માસ સુધી ફક્ત સ્તનપાન પર ઉછેર અને 6 માસ બાદ માતાના દૂધની સાથે ઉપરી આહારની શરૂઆતની પરંપરાની જાગૃતિ કેળવવાનો છે.

. . . . . . . . . . . . . . . . .

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે અને પાંચમી ઑગસ્ટે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, તાપી, દમણ અને નગર હવેલીમાં ઑરેન્જ અલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત આવતીકાલે સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીરસોમનાથમાં ભારે વરસાદની આગાહી છે.

હવામાન વિભાગની આગાહીને જોતા આગામી ત્રણ દિવસ દરિયાકાંઠાના જિલ્લાઓમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા, ખાનપુર, કડાણા, સંતરામપુર અને બાલાસિનોર તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

નવસારી ખાતે વાંસદાથી ચારણવાડા જતા રસ્તા વચ્ચે આવેલી કાવેરી નદીના પૂલ પરથી ઉપરવાસમાં ધોધમાર વરસાદના કારણે નદી બન્ને કાંઠે વહેતી થતાં વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં છેલ્લા 24 કલાકમાં કુલ 8 ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. અહીં મધુબન ડેમથી 50 હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવતાં દમણગંગા નદીનું જળસ્તર વધી રહ્યું છે.

----------------------

## SOMNATH JAHERNAMU

**ગીરસોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ શ્રાવણ માસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે "નો પાર્કિંગ ઝોન" અને "વન-વે" માર્ગ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. સોમવારથી શરૂ થતા પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભને ધ્યાનમાં આ નિર્ણય લેવાયો છે. આ જાહેરનામા અનુસાર, ગુડલક સર્કલથી હમીરજી સર્કલ સુધી અને હમીરજી સર્કલથી ત્રિવેણી રોડને "નો-પાર્કિંગ ઝોન" જાહેર કરાયો છે. આ જાહેરનામું 5 ઑગસ્ટથી 3 સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.**

------------------

## SOMNATH BILVAPOOJA SEVA

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સોમનાથ ભગવાનના ભક્તોને હવે 25 રૂપિયામાં ઘરે બેઠા રૂદ્રાક્ષ અને નમન ભસ્મ મળી રહેશે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટે ફરી ભક્તો માટે માત્ર 25 રૂપિયા બિલ્વપૂજા સેવા શરૂ કરી છે.

આ સેવા અંતર્ગત સોમનાથ જ્યોતિર્લિંગ પર અર્પણ થયેલા બિલ્વપત્ર ભક્તોને ટપાલ મારફતે મોકલવામાં આવશે. ભક્તો ક્યૂઆર કોડ તથા ટ્રસ્ટની વેબસાઈટ પર જઈને બિલ્વપૂજાની નોંધણી ઘરેબેઠા કરાવી શકશે. ગત શ્રાવણ માસમાં દેશભરમાંથી 2 લાખ 50 હજારથી વધુ ભક્તોએ બિલ્વપૂજા માટે નોંધણી કરાવી હતી.

-------------

## JEE-NEET_ADIJATI

રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં આદિજાતિના કુલ 935 વિદ્યાર્થીઓ સંયુક્ત પ્રવેશ પરીક્ષા - JEE તથા રાષ્ટ્રીય પાત્રતા સહપ્રવેશ પરીક્ષા - NEETમાં ઉત્તીર્ણ થયા છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ સુધીમાં કુલ ૪૫૨ આદિજાતિ વિદ્યાર્થીએ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ મેળવ્યો છે. રાજ્યમાં આદિજાતિ વિસ્તારમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી હસ્તક કુલ ૪૪ શાળા કાર્યરત છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩માં ૮૨૫ અને વર્ષ ૨૦૨૪માં NEETમાં ૩૬૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા ગુજરાત રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના બાળકોને ઉચ્ચ ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે હેતુથી કુલ ૧૦૫ શાળાનું પણ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

-----------------------